


"જોયું ને સાહેબ, ગાજવીજ સાથે કેવો વરસાદ પડ્યો..?"

"ધમાકેદાર પડ્યો હોં... આગાહી પ્રમાણે પડ્યો... પણ હવે..?"

"હવે ફરીથી રોગચાળો વકરશે, હોસ્પિટલો ઉભરાશે અને સરકાર પાછી ટેન્શનમાં."

"સાહેબ કેમ આમ બોલો છો ? આ તો કુદરતના હાથમાં છે. અતિવૃષ્ટિમાં અમે પહોંચી ના વળ્યાં અને સ્વાઈન ફલુમાં પણ..."

"તમે હિસાબ તો માંડો, હિસાબ.... છેલ્લા બે મહિનામાં અતિવૃષ્ટિ અને રોગચાળામાં કેટલાંનો ભોગ લેવાયો, કેટલા મોત થયા અને કેટલાં અસહાય થયા અને કેટલા હજુ પણ પીડા ભોગવે છે. આ નાનીસુની વાત નથી. તમે હસવામાં ન કાઢો."

"સાહેબ આ તો કુદરતની વાત છે, તમે કેમ સમજતા નથી. તમે પકડો છો એ છોડતા નથી અને બધામાં સરકાર... સરકાર... સરકાર..!"

"... પણ તમારી ભુલોના કારણે ભોગવવુ પડે છે આ કેમ સમજતા નથી તમે ?"

"જુઓ સાહેબ, ચોખ્ખુને ચટ્ટ સાંભળી લો તમે પણ. કામ કરે એની ભુલ થાય. કામ કરે જ નહી એની શું પથરાં ભુલ થાય. અને તમે કાગનો વાઘ કરીને ગામ ગજાવો છો."

"સાચી વાત કરીએ એટલે મરચાં લાગે છે. અને હજુ શાનમાં નહી સમજો તો પરિણામો ભોગવવા તૈયાર રહેજો."

"ઓ હો હો... સાહેબ તમે તો વરસાદમાંથી ક્યાંના ક્યાં પહોંચ્યા. ધનાધન વરસાદ પડે... પાણી ભરાય... પૂર આવે... પાક તણાય... માનવો ડુબે અને ખાબોચિયા ભરાય એમાંથી રોગચાળો ફેલાય એમાં સરકાર ક્યાંથી આવી ?"

"જુઓ તમને સમજાવુ. સમજવાની તૈયારી હોય તો સાંભળો... આ વખતે તમે વરસાદની આગાહીઓને કેવી ગંભીરતાથી લીધી. જો આટલું જ્ઞાન જુલાઈમાં આવ્યું હોત તો બનાસકાંઠા બેહાલ ન થાત અને છેલ્લા ચાર દિવસથી સ્વાઈન ફલુ સામે સરકાર એક્શન મોડમાં આવી એ વીસ દિવસ પહેલાં આવી હોત તો આ મૃતાંકના આંકડા આટલા ચિંતાજનક ન બન્યા હોત..."

"... એટલે એટલે શું કહેવા માંગો છો ?"

"જાગ્યા... જાગ્યા... ચોક્કસ જાગ્યા પણ મોડાં જાગ્યા. હકીકતો સ્વીકારવાને બદલે બડાશ મારવાની જે ટેવ પડી છે એ જો બદલાય તો આ વારો ના આવે..!"

"સાહેબ થાક્યો તમારાથી તો હોં. કોઈ વાતે તમે અમારૂ સારૂ જોતા જ નથી. બસ ભુલો, ભુલો ને ભુલો જ."

"ના ભઈ ના એવું નથી. તમે જો કાન સીધી રીતે પકડો તો મારે આટલી બધી કથા ન કરવી પડે. પણ તમે ઉંધા કાન પકડતાં શીખ્યાં છો એમાં હું શું કરૂ."

"મુકો સાહેબ. ઉંધા કે સીધાની વાત. મૂળ મુદ્દાની વાત કરીએ સાહેબ. આપણે દલીલો કરશું અને નાગરિકો દુઃખી થશે. છોડો, છોડો... આજે શ્રાવણીયા સોમવારે મેઘરાજાને પ્રાર્થીએ હવે ખમૈયા કરો ખમૈયા..."

- નિમિત્ત માત્ર

# ગાંધીનગરમાં ધોધમાર વરસાદ





# શહેરમાં અષાઢી માહોલ છવાયો ગાજવીજ સાથે બે ઈંચ વરસાદ

**સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા : આક્રમક વિજ કડાકાથી નાગરિકોમાં ફફડાટ :જનજીવન પ્રભાવિત : સિઝનનો કુલ ૪૧ ઇંચ વરસાદ નોંધાયો**

ગાંધીનગર તા ૨૦

શહેરમાં આજે સવારથી જ વરસાદી ઝાપટા શરૂ થઈ ગયા હતા. બપોરના સમયે પણ ભારે વરસાદ વરસતા શહેર વરસાદી પાણીમાં ઘમરોળાયુ હતુ. વરસાદના લીધે સેકટરોમાં પાણી ફરી વળ્યા હતા. સેકટરોના કોમન પ્લોટ બેટમાં ફેરવાયા હતા. જયારે માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો થયો હતો.

બપોરના સમયે ગગનભેદી વિજકડાકા સાથે ભારે વરસાદનુ ઝાપટુ આવતા ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. રજાના દિવસે વરસાદ ખાબકતા જનજીવન પર વિપરિત અસર જોવા મળી હતી. દિવસ દરમિયાન બે ઈંચ વરસાદ વરસ્યો હતો. ગાંધીનગરમાં સિઝનનો વરસાદ ૧૦૨૩ મી મી અલબત્ત ૪૧ ઈંચ નોંધાયો છે જે સામાન્ય કરતા બમણો છે.

ગત રાઉન્ડ દરમિયાન રાજયમાં સાર્વત્રિક વરસાદના લીધે ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. જયારે બનાસકાંઠા સહીતના વિસ્તારમાં પુરની સ્થિતિ સર્જાઇ હતી. હજુ પુરગ્રસ્ત વિસ્તારમાં અસગ્રસ્તો વરસાદી આફતથી પ્રભાવિત છે. વિરામ બાદ ફરીએકવાર મેઘરાજા મન મુકીને વરસી લેવાના મુડમાં છે. આજે ગાંધીનગરમાં ભારે વરસાદના લીધે ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. સવારથી જ આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાઈ આવતા ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. પલવારમાં જ સેકટરોમાં વરસાદી પાણી ભરાઈ ગયુ હતુ. સવારથી શરૂ થયેલા વરસાદે દિવસ દરમિયાન હળવા ભારે ઝાપટા વરસાવ્યા હતા. બપોરના સમયે ગગનભેદી વિજકડાકા સાથે વરસાદનુ ભારે ઝાપટુ આવતા નિચાણવાળા વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. સેકટરોમાં ભારે વરસાદ દરમિયાન ઠેર ઠેર પાણી ભરાઈ ગયુ હતુ. દિવસ દરમિયાન વરસાદ ચાલુ રહેતા સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. સેકટરોમાં વરસાદી પાણીના ભરાવા વચ્ચે ગંદકી ખદબદતી જોવા મળી હતી. જયારે વરસાદી પાણીના ભરાવા સાથે સેકટરોમાં વરસાદી સમસ્યાઓ પણ ઉભરાતી નજરે પડી હતી. ગઈકાલે રાતથી સવાર સુધીમાં વરસાદે માત્ર છાંટણા વરસાવ્યા હતા. જયારે આજે સવાર થી સાંજ સુધીમાં શહેરમાં ૫૪ મી મી વરસાદ પડયો હતો. વરસાદના લીધે જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ હતુ. વરસાદની સાથે વાદળ ગર્જના અને ગગનભેદી વિજકડાકાથી માર્ગ પર જતા રાહદારીઓ પણ બેઘડી ફફટી ગયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં સાર્વત્રિક મેઘસવારી

**દહેગામ-ગાંધીનગરમાં બે ઈંચ, માણસા કલોલમાં ૧-૧ ઈંચ વરસાદ**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં આજે સાર્વત્રિક વરસાદ થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

સમયસરના ચોમાસાના આગમન પછી સમયસરના બીજા રાઉન્ડથી ખેડૂતોનો ઉત્સાહ બેવડાયો છે. આજે જિલ્લામાં સર્વત્ર ૧ થી ૨ ઈંચ જેટલો વરસાદ દિવસ દરમ્યાન નોંધાયો હતો.

જિલ્લાના કલોલમાં ૨૯ મી.મી., ગાંધીનગરમાં ૪૯ મી.મી., માણસામાં ૨૫ મી.મી., અને દહેગામમાં ૫૯ મી.મી. વરસાદ સવારના ૮ થી સાંજના ૬ દરમ્યાન નોંધાયો છે. આજે થયેલા વરસાદને કારણે કેટલાક વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા.

જો કે વરસાદે વિરામ લેતાં પાણી ઓસરી પણ ગયા હતા. તળાવોમાં પાણીની નવી આવક થવા પામી છે. સારા વરસાદને કારણે જિલ્લાના ભૂતળમાં જળસપાટીમાં પણ સુધારો જોવા મળ્યો હોવાનું જાણવા મળેલ છે.

## સે-૧૪ માં વિજળી પડતા રહીશોમાં ફફડાટ

આજે ભારે વરસાદ દરમિયાન આકાશમાંથી થતા અસહ્ય ગગન ભેદી વિજકડાકાના લીધે સ્થાનિક રહીશોમાં ભય પ્રવર્તયો હતો. જયારે વરસાદ દરમિયાન સે-૧૪ માં સ્થિત એમ આઇ જી આવાસમાં બ્લોક નં- ૧ અને ૨ માં વિજળી પડતા રહીશોના ઘરોમાં ટી વી ફ્રીઝ પંખા ડુલ થઈ ગયા હોવાનુ પણ રહીશો જણાંવી રહયા છે. આવાસમાં વિજળી પડયાની જાણ થતા સે-૧૪ના ભાજપના વસંત રાઠોડ સહીત અન્ય કાર્યકર્તાઓ તેમજ નાગરિકો મદદ માટે દોડી ગયા હતા. વિજળી પડવાના લીધે બ્લોકની લાઈટો ડુલ થઈ ગઈ હતી. જેના લીધે ટોરેન્ટ પાવર લી ના કર્મચારીઓ પણ ઘટના સ્થળે દોડી ગયા હતા. જો કે ક્ષતિ દુર થતા ખોરવાયેલો વિજપ્રવાહ ચાલુ થઈ ગયો હતો. વરસાદ દરમિયાન અસહ્ય વિજકડાકા વચ્ચે વિજળી પડી હોવાના સમાચાર પ્રસરતા બ્લોકમાં સ્થાનિક રહીશો પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. સ્થાનિક રહીશોમાં ભયની લાગણી સાથે દોડધામ મચી ગઈ હતી.

# જિલ્લામાં સ્વાઈન ફલુના વધુ ૪ કેસ

**સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યા ૬૯ પર પહોંચી : સારવાર દરમિયાન નાના ચિલોડાના આધેડનું મોત : મૃત્યુ આંક ૧૨ પર પહોંચ્યો : ચંદ્રાલા અને કલોલમાંથી બે નાના ભૂલકાંઓને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયો**

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લામાંથી સ્વાઈન ફલુના આજે વધુ ચાર કેસ મળી આવતાં જિલ્લામાં આ દર્દીઓની સંખ્યા ૬૯ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે આજે ગાંધીનગર તાલુકામાં વધુ ૩ દર્દી મળ્યા છે. જયારે કલોલમાંથી એક દર્દી મળી આવેલ છે. જિલ્લામાં સ્વાઈન ફલુના સૌથી વધુ કેસ પણ આ બે જ તાલુકામાં નોંધાયા છે. ગાંધીનગર તાલુકામાં અત્યાર સુધીમાં ૩૨ કેસ નોંધાયા છે. જયારે કલોલ તાલુકામાં ૨૨ કેસ નોંધાયા છે.

સ્વાઈન ફલુ ને કારણે ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ નાના ચિલોડાના એક ૫૦ વર્ષીય આધેડનું ગઈ કાલે મોડી રાત્રે અવસાન થયું છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફલુથી મોત પામનાર દર્દીઓનો આંક ૧૨ પર પહોંચ્યો છે.

ગાંધીનગર તાલુકાના ચંદ્રાલામાંથી એક ત્રણ વર્ષીય બાળકને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાતાં તેને સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જયાં તેની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

કલોલમાંથી પણ એક ત્રણ વર્ષીય બાળકને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે તેને સારવાર માટે ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં અત્યાર સુધીમાં નોંધાયેલ ૩૨ દર્દી પૈકી ૨ દર્દીના મોત થયા છે. અને કલોલ તાલુકામાં નોંધાયેલ ૨૨ દર્દી પૈકી ૩ દર્દીના મોત થયા છે.

તંત્ર દ્વારા આજે રજાના દિવસે પણ સર્વેલન્સની કામગીરી ચાલુ રાખવામાં આવી હતી. જિલ્લામાં સર્વેક્ષણ માટેનો પ્રથમ તબક્કો પૂર્ણ થઈ ગયો હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

દરમિયાન આજે જિલ્લાના અધિક જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. પિયુષ પટેલે કલોલ તાલુકાના આરોગ્ય કેન્દ્રોની મુલાકાત લઈ અને ત્યાં ઉપલબ્ધ સેવાઓ અંગેની સમીક્ષા કરી માર્ગદર્શન આપ્યું હતું.

## ગાંધીનગરના તબીબોએ દિવસભર સ્વાઈન ફલુ અંગે ચિંતન કર્યું

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના તબીબોએ આજે આખો દિવસ વર્તમાન સમયમાં દેખાતા રોગો અને સારવારને લઈ એક વિશિષ્ટ ચિંતન સભાનું આયોજન કર્યુ હતુ. ગાંધીનગર મેડીકલ એસોસિએશનના ઉપક્રમે યોજાયેલ આ બેઠકમાં જિલ્લામાં વધતા જતા સ્વાઈન ફલુના કેસો અંગે પણ છેલ્લો એક કલાક વિશેષ ચિંતા અને ચિંતન કરવામાં આવ્યુ હતુ.

આ બેઠકમાં જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. જાગાણીએ સ્વાઈન ફલુ અંગે તંત્ર દ્વારા લેવાયેલ પગલાં, તંત્ર દ્વારા લોકોને સારવાર માટેની ઉપલબ્ધ કરાયેલી સુવિધાઓ તેમજ જિલ્લામાં સર્વેલન્સની ચાલી રહેલી કામગીરી સહિતની બાબતો અંગે સર્વગ્રાહી જાણકારી આપી હતી. આ બેઠકમાં બદલાતી જતી જીવનશૈલીથી ખાસ સામે આવેલ મેદસ્વીપણાની ફરિયાદો, કુપોષણની સમસ્યા, એનીમીયા, પ્રોસ્ટેટના કેન્સર, ઈમરજન્સી મેનેજમેન્ટને લઈ વિશેષ ચર્ચાઓ કરવામાં આવી હતી.

## સે. ૧૬ અને સે. ૨૨માંથી સ્વાઈન ફલુના બે કેસ મળ્યા

**શહેરમાં સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યા ૨૦ પર પહોંચી : સે. ૨૨ની મહિલા વેન્ટીલેટર પર સારવાર હેઠળ**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના સે. ૧૬ અને સે. ૨૨માંથી સ્વાઈન ફલુના બે પોઝીટીવ કેસ મળી આવ્યા છે. આ સાથે સ્વાઈન ફલુના દર્દીનો આંક ૨૦ પર પહોંચ્યો છે. મળતી વિગતો પ્રમાણે આજે સે. ૧૬માંથી એક ચાર વર્ષીય બાળકને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાતાં તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યાં તેની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.સે. ૨૨ના ઘ-૬ વિસ્તારમાંથી એક મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાતાં તેને શહેરની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે અને તે વેન્ટીલેટર પર હોવાનુ જાણવા મળેલ છે. તંત્ર દ્વારા બન્ને દર્દીઓના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. ગાંધીનગર શહેરમાં અત્યાર સુધીમાં સ્વાઈન ફલુથી ૩ દર્દીના મોત નીપજ્યા છે. નોંધાયેલા ૨૦ દર્દી પૈકી નવ દર્દી સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે ૮ દર્દી હાલ સારવાર હેઠળ છે.

# સે-૨૨ સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ સતત ૪૮ માં વર્ષે શ્રીજીના ઓવારણા લેશે

**સે-૨૨ માં ગણેશોત્સવ અંતર્ગત અનેકવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન : વરસાદને ધ્યાને લઇ ખાસ વોટર પ્રુફ ડોમ તૈયાર કરાયો : સ્થાનિક કલાકારોને સ્ટેજ પુરુ પાડવામાં આવશે : નગરના અગ્રણી અરૂણ બુચના નિવાસ સ્થાનેથી શ્રીજીની ભવ્ય શોભાયાત્રા નિકળશે**

ગાંધીનગર તા ૨૦

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા શહેરમાં સતત ૪૮ માં વર્ષે ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવશે. આગામી તા ૨૫ થી ૩૧ ઓગષ્ટ દરમિયાન અનેક વિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવશે. ગણેશોત્સવ દરમિયાન નગરમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થાય છે. નગરજનો શ્રીજીની ભકિતમાં તલ્લીન બને છે. જયારે ધાર્મિક તહેવારના ઉત્સવની સાથે સ્થાનિક કલાકારોને સ્ટેજ પુરુ પાડતા રંગારંગ કાર્યક્રમો પણ ભાવિકોમાં આકર્ષણનુ કેન્દ્ર બનશે. તેમ પણ સમિતિના અધ્યક્ષે જણાંવ્યુ છે.

શ્રી સાવર્જનિક ગણેશોત્સવ સમિતિના અધ્યક્ષ નિશીત વ્યાસના જણાંવ્યા મુજબ સમિતિ દ્વારા આ વખતે ગણેશોત્વની ઉજવણી માટે વિશિષ્ટ પ્રકારનો વોટરપ્રુફ ડોમ તૈયાર કરાયો છે. રંગમંચનુ રીનોવેશ હાથ ધરવામાં આવ્યુ હોવાથી ડોમ તૈયાર કરાયો છે. ગણેશ મહોત્સવ અંતર્ગત તા ૨૫ ઓગષ્ટના રોજ સવારે ૧૦ કલાકે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બુચના સે -૨૦ સ્થિત નિવાસ સ્થાન પ્લોટ નં-૨૨૦ અષ્ટલક્ષ્મી એપાર્ટમેન્ટથી શ્રીજીની ભવ્ય શોભાયાત્રા નિકળશે. શોભાયાત્રા સે-૨૧ શાકમાર્કેટ થઈને ગોવર્ધનનાથજીની હવેલી પાસેથી પસાર થશે ત્યારબાદ સે-૨૨ સ્થિત પંચદેવ મંદિર થઈ સે-૨૨ રંગમંચ પહોંચશે. જયાં શ્રીજીની પ્રાણ પ્રતિષ્ઠા અને પુજા આરતી યોજાશે. આ પ્રસંગે ધારાસભ્ય અશોક પટેલ તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોર પણ હાજરી આપશે. ત્યારબાદ રાત્રીના ૮ કલાકે કડી સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે રાજયપાલ ઓમ પ્રકાશ કોહલી ઉપસ્થિત રહેશે. તા ૨૬ ઓગષ્ટના રોજ હિન્દી ફીલ્મી ગીતની સ્પર્ધા યોજાશે. જયારે તા ૨૭ મી એ ગુજરાત સંગીત નાટક અકાદમી દ્વારા માયા આહીરનો ડાયરો યોજાશે તા ૨૮ મી એ બપોરના ૧:૩૦ કલાકે જયોતિ મહીલા મંડળ આયોજિત હલ્દી કંકુ સ્પર્ધા, ભજન આરતી સુશોભન તેમજ ફુલદાની સુશોભન સહીતની સ્પર્ધા યોજાશે. રાત્રિના મ્યુઝિકલ નાઈટનો કાર્યક્રમ યોજાશે. જયારે તા ૨૯ ના રોજ આપણુ

● અનુસંધાન પાન-૭ પર

**જોઈએ છે શિક્ષક**
B.A. B.Ed. (અંગ્રેજી)
અરજી સાથે રૂબરૂ મળવું
તારીખ : ૨૦/૮/૧૭, સોમવારથી
સમય : સવારે ૯ થી ૧૨
**સ્થળ : મહર્ષિ અત્રિ તપોવન**
પીંપળજ પેથાપુર-મહુડી રોડ,
તા. જી. ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨૭૮૩૨૨

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com